

## ડીસામાં શરદપૂનમની રાતે રાસ ગરબાની રમઝટ જામી

ડીસા શહેરમાં શરદપૂર્ણિમાની રાતે ઠેર ઠેર રાસ ગરબાની રમઝટ જામી હતી. ખેલૈયાઓએ શરદપુનમની રાતે ચંદ્રમાની શીતળ રોશની વચ્ચે મધરાત સુધી ગરબાની રમઝટ બોલાવી આનંદ લૂંટયો હતો. શહેરમાં નવરાત્રિના નવ દિવસ સુધી માતાજીની આરાધના અને આનંદ ઉલ્લાસ સાથે ગરબે ઘુમ્યા બાદ છેલ્લે છેલ્લે શરદપૂનમની રાત્રે પણ ખેલૈયાઓ મન મૂકીને નાચ્યા હતા. શહેરના લાલ ચાલી, રામચોક, પોલીસ લાઈન, જલારામ પાર્ક, રાજપુર વિસ્તાર, સરકારી વસાહત સહિત જગ્યાઓ તેમજ કેટલાક પાર્ટી પ્લોટોમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં મોડી રાત સુધી ખેલૈયાઓએ માતાજીની આરાધના તેમજ રાસ ગરબાનીરમઝટ બોલાવી હતી. આયોજકો દ્વારા ખેલૈયાઓ માટે મોડી રાતે દૂધ પૌંઆ, પાઉંભાજી, સમોસા કચોરી સહિત ગરમાગરમ નાસ્તા બનાવવામાં આવ્યા હતા. આયોજક મંડળો દ્વારા ખેલૈયાઓને લ્હાણી પણ આપવામાં આવી હતી. ગરબાઓમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ડીસા શહેર પોલીસના જવાનો દ્વારા ગરબાના સ્થળે બંદોબસ્ત ગોઠવાયો હતો.

(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

## રાંધીવાડ પાસે ટકકર મારી ચાલક ફરાર

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકાના રાંધીવાડ ગામે ગત મોડી સાંજે સાઈડમાં ઉભેલા એક વ્યકિતને ટકકર મારી જીપ ચાલક ફરાર થઈ ગયો હતો. જે બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે જીપ ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ રાધીવાડ ગામે રહેતા એસકુમાર મગનભાઈ પરમાર રોડની બાજુમાં ઉભા હતા ત્યારે અચાનક પુર ઝડપે ગફલતભરી રીતે હંકારીને જીપ ડાલુ (જી.જે. ૨૪-યુ. ૩૪૨૬)ના ચાલકે તેમને ટકકર મારી બંને પગને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જીપડાલુ લઈને ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે દેવાભાઈ ગોવાભાઈ પરમારે (રહે. રાંધીવાડ) ખેડબ્રહ્મા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે ફરાર જીપ ચાલકને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

## હિંમતનગર સબજેલમાં શરદ પૂર્ણિમા નિમિત્તે રાસ-ગરબા યોજાયા

હિંમતનગર, તા. ૩૦

શરદપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે હિંમતનગર સબ જેલ દ્વારા સુંદર રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. બંદીવાનોમાં આ પ્રસંગે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં બંદીવાનો સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી. તેમજ સર્વે બંદીવાનોને દાતા તરફથી દૂધ પૌંઆનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જેલ અધિક્ષક જે.આર. તરાલની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.

## મહેસાણા જિલ્લામાં બાળકોની સહાય માટે હેલ્પ લાઈન શરૂ કરાઈ

મહેસાણા, તા. ૩૦

બાળકોની સુરક્ષા માટે ટોલ ફ્રી નંબર ૧૦૯૮ શરૂ કરવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ડી.સી.પી.યુ કામ કરે છે. તેમજ એ.એચ.ટી.યુ મીસીંગ સેલ,ચાઈલ્ડ વેલ્ફેર અધિકારી અને પોલીસ પણ બાળકોને લગતી સમસ્યા માટે તાત્કાલીક પગલાં લેવાની કામગીરી કરે છે. બાળકો માટે કામ કરતા વિભાગોના સંકલનમાં રહીને જિલ્લામાં બાળકોની સહાય માટે ૨૪ કલાકની હેલ્પ લાઈન સેવા ટોલ ફ્રી નંબર ૧૦૯૮ શરૂ કરવામાં આવી છે. બાળકોની લગતી સમસ્યા બાબતે આ નંબર પર સંપર્ક સાધવા જિલ્લા પોલીસ અધિક્ષક મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

**રક્તદાન મહાદાન**

## ડીસા પંથકમાં ફુલગુલાબી ઠંડીનો ચમકારો

ડીસા, તા. ૩૦

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ઠંડીનો ચમકારો ધીરે ધીરે વધી રહ્યો છે. મોડીરાતથી માંડી સવારના સાત વાગ્યા સુધી ફુલગુલાબી ઠંડીનો ચમકારો થતા લોકોને તાપણા અને ગરમ કપડાનો સહારો લેવો પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા પંદર દિવસથી ધીરે-ધીરે ઠંડીનાં પ્રભાવ વધી રહ્યો છે. મોડી રાતથી લઈ સવાર સુધી ઠંડીનો ચમકારો યથાવત રહે છે. ઠંડીને પગલે લોકોને ગરમ કપડા અને તાપણાનો સહારો લેવો પડે છે. ધીરે-ધીરે ઠંડી જામી રહી છે એટલે ખેડૂતો પણ શિયાળુ પાકના વાવેતરમાં જોતરાયા છે. આગામી સમયમાં તાપમાન ધીરેધીરે નીચુ જશે તેમ ડીસા હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. બનાસકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં ધીમે પગલે શરૂ થયેલ ઠંડીનો ચમકારો ધીમે પ્રબળ બનશે જો કે મોડી રાતથી માંડી વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો અમે બપોરના સુમારે બફારા સાથે ઉકળાટ અને ગરમી વચ્ચે લોકોને અકળામણ અનુભવવી પડે છે. જેના કારણે પ્રાઈવેટ અને સરકારી દવાખાનામાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. તો બીજી તરફ ઠંડીને કારણે ખાસ કરીને બાળકોમાં ખાંસી અને શરદીના લક્ષણો વધુ જોવા મળી રહ્યા છે.

## તંત્રની રહેમ નજર હેઠળ સીતવાડા ઓરણ ગામે રેતીની ખુલ્લેઆમ ચોરી

પ્રાંતિજ, તા. ૩૦

પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી લીઝ વિના બિનઅધિકૃત રીતે રેતી ચોરીનું નેટવર્ક અસામાજીક તત્વો ચલાવી રહ્યા છે. રેતી ચોરી અસામાજીક તત્વો સરકારી તંત્રને રોયલ્ટી ટેક્ષની આવકમાં મોટુ નુકશાન પહોંચાડી અને કાયદાના લીરેલીરા ઉડાવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના ઓરણ તાજપુર, વાઘપુર અને સીતવાડા ગામોના સાબરમતી નદીના પટમાંથી અત્યંત આધુનિક યંત્રોથી રાત-દિવસ ખોદકામ કરી સરકારના ખોદકામના નિયમોથી વિરૂદ્ધ ૨૨ થી ૨૭ ફૂટ ઉંડુ ખોદકામ કરી રેતી સહિત કુદરતી સંપત્તિનો બિન કાયદેસર વેચાણ કરી લાંખો રૂપિયા ખનીજ માફીયાઓ કમાય છે. અને સરકારને નુકશાન પહોંચાડે છે. રેતી માટે આવન જાવન કરતા ટ્રક, ટ્રેક્ટર જેવા ભારે વાહનોના કારણે ગામડાનાં રસ્તા પણ બગડી જાય છે.

રેતીના ઓવરલોડ ટ્રકો ઝડપી દોડવાના કારણે ગામમાં અકસ્માત પણ નોતરે છે. બારીક રજકણોથી ખેતી અને ગામના વાતાવરણને પણ પ્રદૂષિત કરી મુકે છે. ગામડાના લોકો કઈ પણ કહેવા જાય તો આ ખનીજ માફીયાઓ પોતાની લાગવગ ઓળખાણ આપી ધમકાવીનો ગ્રામજનોને કાઢી મુકે છે, આજુબાજુના ગ્રામજનોએ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે. પણ તંત્ર જાણે ખનીજ માફીયાઓના વહેવારના કારણે પાંગળુ થઈ ગયું લાગે છે

## તાજપુર વિભાગીય સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે આરસપહાણ સરસ્વતી મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૩૦

પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે આવેલી તાજપુર વિભાગીય સાર્વજનીક હાઈસ્કૂલ શરદપૂર્ણિમાના પવિત્ર દિવસે શૈક્ષણિક સંસ્થાના આચાર્યશ્રી વિક્રમભાઈ જી. પટેલ શાળા પરિવાર તથા વિદ્યાર્થીઓ દ્વારા બેન્ડવાજા સાથે ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ ભવ્ય કાર્યક્રમમાં યજમાનપદે અર્ચના કરી અંતમાં મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કર્યું હતું. ત્યારબાદ શાળાના તમામ બાળકોએ ઉત્સાહભેર લાભ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



પ્રવેશદ્વાર નજીક સરસ્વતીધામ તરીકે સરસ્વતીનું મંદિર આરસપહાણમાં બનાવી વિદ્યાર્થી દેવી સરસ્વતી માતાજીની મૂર્તિ સ્થાપન અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં શાસ્ત્રોક્ત-પૂજા વિધિ મુજબ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાજપુર ગામના સરપંચશ્રી જશુભાઈ પટેલ, શાળાના બોરીયાગામના વતની રાજેન્દ્રસિંહ રાઠોડ તેમજ સરસ્વતી માતાજીના મૂર્તિના દાતા તરીકે સી.એસ. દવે, હનુમાનદાદાની મૂર્તિના દાતા તરીકે બી.જી. પટેલ સાહેબ, ગણપતિ દાદાના દાતા તરીકે શ્રીમતિ સુભદ્રાબેન એસ. પટેલે ખાસ યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં પૂજાવિધિ-વિધિવત પૂજા-

## હિંમતનગર આર.ટી.ઓ.માં દ્વિચકી વાહનોની નવી સિરીઝ શરૂ

હિંમતનગર, તા. ૩૦

આર.ટી.ઓ. કચેરી હિંમતનગર દ્વારા દ્વિચકી વાહનોની નવી સીરીઝ જીજે-૯-સીએફ તા. ૫મી નવેમ્બર ૨૦૧૨થી શરૂ કરવામાં આવશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા તા. ૩૦ ઓકટોબરથી ૩ નવેમ્બર ૨૦૧૨ સુધી કચેરીના સમય દરમિયાન આર.ટી.ઓ. કચેરીમાં ફોર્મ નં. ૨૦ સાથે બંધ કવરમાં અરજી કરવા હિંમતનગર પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ટી.એસ. ઉપાધ્યાયે જણાવ્યું હતું.

## ખેડબ્રહ્માના બહેડીયા ગામેથી વિદેશી દારૂની બોટલો પકડાઈ

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકાના બહેડીયા ગામેથી પોલીસે પ્લાસ્ટીકની થેલીમાં વિદેશી દારૂની ૧૦ બોટલ સાથે એક શખ્સની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ખેડબ્રહ્મા પંથકમાં દારૂની હેરાફેરી વધી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખેડબ્રહ્મા તાલુકાના બહેડીયા ગામમાં ગત મોડીરાત્રે કોદરભાઈ ચંપકભાઈ સોલંકી (રહે. બહેડીયા નામના એક શખ્સની પોલીસે પકડી પૂછપરછ કરતા તેની પાસેથી પ્લાસ્ટીકની થેલી મળી આવી હતી. જેમાં પોલીસને રૂ. ૫૦૦૦ની કિંમતની ૧૦ વિદેશી દારૂની બોટલ મળી આવતા તેની અટકાયત કરી હતી. ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તલોદની સાયન્સ કોલેજમાં શૈક્ષણિક કોન્ફરન્સ યોજાઈ

તલોદ, તા. ૩૦

તલોદની એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજ ખાતે બે દિવસીય યુજીસી સ્પોન્સર્ડ રાષ્ટ્રીય કક્ષાની વનસ્પતિ શાસ્ત્ર વિષયની કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રાષ્ટ્રીય કક્ષાના કુલ આઠ વૈજ્ઞાનિક વકતાઓ દ્વારા વિષય સંલગ્ન વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યા હતા. કોન્ફરન્સમાં કુલ ૧૨૭ સંશોધકોએ ભાગ લઈ તેનો લાભ લીધો હતો.

૧૯૬૦થી કાર્યરત સાયન્સ કોલેજ તલોદમાં અભ્યાસ સાથે વિવિધ વિષયોમાં અવારનવાર આવી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં સંશોધન સલંગ્ન કરવામાં આવી રહ્યું છે. કોન્ફરન્સમાં ઉદયપુર, બેંગ્લોર, મુંબઈ, લખનૌ, વડોદરા, આણંદ, વિદ્યાનગર, મહેસાણા, દાંતીવાડા, ગાંધીનગર, ભાવનગર, જુનાગઢ રાજકોટ, હિંમતનગર અને મોડાસા જેવા સ્થળોએથી ગેસ્ટ લેકચર અને સંશોધકોએ કુલ ૨૧ ઓરલ અને ૨૫ પોસ્ટર રીસર્ચ પેપર રજૂ કર્યા હતા.

આ પ્રસંગે સી.ડી. પટેલ, બી.એલ. પુંજાણી, આચાર્ય એસ.સી. પરીખ સહિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પાલનપુરના આનંદધામ ખાતે શરદ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

પાલનપુર, તા. ૩૦

પ્રાકૃતિક સૌંદર્યધામ વચ્ચે તપોભૂમિ તરીકે સ્થપાયેલા પાલનપુરના આબુ હાઈવે સ્થિત આનંદધામ ખાતે તા. ૨૯/૧૦/૨૦૧૨ના રોજ યુ.જી.વી.સી.એલ.ના નાયબ ઈજનેર એલ.એ. ગઢવી, ન.પા. પ્રમુખ હર્ષાબેન અશોકભાઈ મહેશ્વરી, યુવા મોરચાના જિલ્લા ઉપાધ્યક્ષ કૃણાલ ભટ્ટ, પ્રદેશ ઠાકુર, ડીસા ન.પા.ના પૂર્વ સભ્ય કનુભાઈ જોષી, ડીસા શહેર પૂર્વ પ્રમુખ રમેશભાઈ ઠકકર (સ્વાતિ), બનાસબેંકના સીની. ઓફીસર રૂપસિંગ ચૌહાણ, કલેકટરશ્રીના



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શરદપૂર્ણિમા નિમિત્તે શરદપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરાઈ હતી. શરદપૂર્ણિમા આનંદધામનો સ્થાપના દિન હોય અગિયારમા સ્થાપના દિનની રાસગરબા સાથે ભવ્ય ઉજવણી કરાઈ હતી.

આનંદધામના સ્થાપક સ્વામી આનંદ રાજેન્દ્રના આશીર્વચન સાથે શરદપૂર્ણિમા મહોત્સવનો બ.કાં. વિધાનસભાના ઈન્ચાર્જ દિલીપભાઈ દેશમૂખે દિપપ્રાગટય કરી શુભારંભ કરાવ્યો હતો. જે પ્રસંગે જી. ભાજપ પ્રમુખ ડૉ. કે.એસ. મોગરા, પૂર્વપ્રમુખ હરેશભાઈ જાની, પૂર્વ ઉપપ્રમુખ માધુભાઈ રાણા, કોંગ્રેસના મંત્રી લક્ષ્મીબેન કરેણ, જી.કો.ના પ્રવકતા મુકેશભાઈ ચૌહાણ, ભાજપ ઉ.ગુ. લીગલ સેલના કન્વીનર યશવંતભાઈ બચાણી, શહેર પ્રમુખ મહેશભાઈ ઠકકર, મહામંત્રી અનિકેતભાઈ ઠાકર, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ પિનાકીન ઝા, બક્ષી મોરચાના કોષાધ્યક્ષ ભગવાનભાઈ લીંબાચીયા, ન.પા. સભ્ય અલકાબેન દિનેશભાઈ પંચાલ, દક્ષાબેન મહેશભાઈ લીંબાચીયા, કુસુમબેન ચંદ્રકાન્ત રાવલ, ભાજપ અગ્રણી કમલેશભાઈ દવે, અરૂણભાઈ ભાર્ગવ, મુકુંદભાઈ મહેતા, અમીત અંગત મદદનીશ એઈલેકસ, વિજય એકસપ્રેસના તંત્રી શોભનાબેન જોષી સહિત મોટી સંખ્યામાં મિત્રો-શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતાં.

શરદપૂર્ણિમા પ્રસંગે ઓરકેસ્ટ્રા પાર્ટીની ધૂમ વચ્ચે યોજાયેલ રાસ ગરબામાં ઉપસ્થિત મહેમાનો સાથે યુવા હૈયાઓ તથા ભાઈઓ-બહેનો, બાળકોએ ગરબા રમી અનોખા આનંદ સાથે શરદપૂનમ તથા આનંદધામ સ્થાપનાદિનની ઉજવણી કરી હતી અને ત્યારબાદ દૂધપૌંઆનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આનંદધામ પરિવાર દ્વારા સુંદર આયોજન કરાયું હતું.

## ઈસીએસ પદ્ધતિ દ્વારા મહેનતાણું ચૂકવાશે : કલેક્ટર

મહેસાણા, તા. ૩૦

મહેસાણા જિલ્લામાં વિધાનસભા ચુંટણી દરમિયાન મતવિભાગના ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી ખાતે ચુંટણી ફરજ પરના સ્ટાફને તેમનું મહેનતાણું તેમના ખાતામાં સીધું જ જમા કરવાનો નિર્ણય જિલ્લા ચુંટણી અધિકારીશ્રી રાજકુમાર બેનીવાલે કર્યો છે. આ માટે ઈ.સી.એસ -ધ્ધતિ (ઈલેકટ્રોનિક ક્લીયરીંગ -ધ્ધતિ) દ્વારા આ સુવિધા પુરી પાડવાની તૈયારી આઈ. સી. આઈ.સી.આઈ બેન્કે બતાવી છે. જેમાં આઈ.સી. આઈ.સી.આઈ બેન્ક દ્વારા તમામ ચૂંટણી અધિકારીશ્રીઓને બેન્ક ખાતા ખોલી આપશે. તે માટે ખાતામાં મીનીમમ બેલેન્સ નિભાવવાની પણ જરૂર નથી. આ ખાતામાં ફંડ ટ્રાન્સફર સહિતની તમામ સુવિધાઓ વિનામુલ્યે પુરી પાડવામાં આવશે. બેન્ક દ્વારા ઈલેકટ્રોનિક ટ્રાન્સફર કરી આપશે તથા રિટર્ન ટ્રાન્ઝકેશના કિસ્સામાં કલેકટર કચેરીને જાણ કરશે જેનાથી તમામના નાણા ચુકવાયા છે તેની ખાતરી થશે. આ ઉપરાંત ખાસ કિસ્સામાં પે ઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફટ પણ બેન્ક દ્વારા ઈસ્યુ કરવામાં આવશે તેમ કલેકટરશ્રીએ રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું.

કલેકટરકશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ મહેનતાણું મતદાન મથકના સ્ટાફ સહિત તમામને ઈ.સી.એસ મારફતે ચુકવાશે. આ માટે દરેક રીટર્નીંગ અધિકારીએ બેન્કમાં ખાતું ખોલાવવાનું રહેશે. આ માટે મહેનતાણા માટે જે રકમ ફાળવવામાં આવે તે રકમ બેન્ક ખાતામાં આર.ઓ., એ.આર.ઓ એ જમા કરાવાની રહેશે. સેક્ટર ઓફિસર, માસ્ટર્સ ટ્રેઈનર્સ, રિઝર્વ સ્ટાફ વિગેરે પણ ઈ.સી.એસ મારફત ચુકવણું કરવામાં આવશે. સંબધિત કર્મચારીને તેમના ખાતામાં રકમ જમા થવાની જાણ પણ એસ.એમ.એસ દ્વારા કરાશે. આ તમામ સર્વિસ બેન્ક દ્વારા વિનામુલ્યે અપાશે જેનો કોઈ પણ ચાર્જ ચુકવવાનો નથી તેમ કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

## બાલવા ચોકડીએ સર્કલ મોટુ બનાવવા માંગ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના બાલવા ગામના અગ્રણી કાર્યકર સુરેશભાઈ ત્રિવેદીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બાલવા ચોકડીએ ગાંધીનગર, અંબાજી, મહેસાણા, વિસનગર, ખેરાલુ, સિદ્ધપુર, માણસા, વિજાપુર તરફ જતી એસ.ટી. બસો તથા નાના મોટા વાહનોની અવરજવર ખૂબ જછે. તાજેતરમાં આ ચોકડીએ તંત્ર દ્વારા સર્કલ નાનુ બનાવવામાં આવ્યું છે. પરંતુ તૂટી ગયું છે. જેને મોટુ બનાવવા સૌની માંગણી છે.

બાલવા ચોકડીએ તંત્ર દ્વારા સર્કલ નાનું બનાવવામાં આવ્યું છે. પરંતુ તે પણ અકસ્માતના કારણે તુટી જવા પામ્યું છે. બાલવા ગ્રામ પંચાયતે ૨૦૧૦માં પાલનપુર યોજના ભવનમાં લેખિત તેમજ મૌખિક રજૂઆત સર્કલ મોટુ બનાવવા માંગણી કરી હતી. પાટનગર યોજના ભવને સર્કલમાં ગયેલી જમીનના વળતરના પૈસા ચૂકવી દીધા છે. બાલવા ગામના અમુક ગણ્યાગાંઠ્યા વિરોધી માણસોની માંગણીના કારણે સર્કલ નાનું બનાવ્યું છે. પરંતુ બાલવા ગામના આગેવાનોની સર્કલ મોટુ બનાવવાની માગણી છે. જો સર્કલ મોટુ બનાવવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧